| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૩/૧૦/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૨૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૪૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૫ બિયરટીન, ૦૧ કાર, ૦૨ રીક્ષા અને ૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૧,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૩૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૬૩૧/૨૦૨૩

**નારણપુરાઃ** રવિન્દ્રભાઇ ભીખાભાઇ પારેખ (રહે.દિવ્યકુંજ સોસાયટી, કેશવબાગની બાજુમાં, ટી.પી.૪૪ રોડ, ચાંદખેડા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૨/૧૦/૨૦૨૩ સવારના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા સાંઇબાબા મંદિર રોડ ત્રણ રસ્તા પાસે સુજન ટાવરમાં આવેલ “ક્રિષ્ણા પાન પાર્લર” દુકાન નંબર-૩ નું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, ડ્રોઅરમાંથી (૧) રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- (૨) સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને (૩) ચાંદીના સિક્કા નંગ-૯૫ કિંમત રૂપિયા ૧૦,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી વી.આઇ.દેસાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** મેહુલભાઈ મહાવીરજી સિંઘવી (રહે. “શિતલ એક્વા” સુભાષબ્રીજ પાસે) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૩ બપોરના ૪/૪૫ થી સાંજના ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બીગ બજાર પાછળ, સીટી સેન્ટર માર્કેટના પહેલાં માળે “એમ.એમ.ટેક્ષ્ટાઈલ” નામની કાપડની દુકાન નંબર-૧૦૩૧ નાં ગોડાઉનના શટરનું તાળુ તોડી, બે અજાણ્યા પુરૂષ ગોડાઉનમાંથી આઠ થી દશ જેટલાં કાપડનાં તાકા કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૨/૨૦૨૩**

**નરોડાઃ** પ્રશાંતભાઇ ઓમપ્રકાશ શર્મા (ઉ.વ.૪૦)(રહે.હરિદ્વાર સોસાયટી કચ્છ કડવા પાટીદાર વાડીની સામે નરોડા) એ તા.૦૨/૧૦/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૯/૨૦૨૩ સવારના ૯/૩૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાંથી અજાણી વ્યક્તિ ડ્રોવરમાંથી સોનાની વિંટી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- અને સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી